# રાજમાર્ગ પર 20 લાખના ડ્રગ સાથે 3 ઝડપાયા

**આરોપીઓ** ડ્રગ્સની હેરાફેરી કરતા હતા, પેટ્રોલિંગ કરતી પોલીસે પકડી પાડ્યા

**મોટો** ગ્રાહક મળે તો તૈયાર સિરિંજનું 20 હજારમાં પણ વેચાણ કરતા હતા

### પકડાયેલા આરોપીઓ વિરુદ્ધ અગાઉ પણ NDPS એક્ટ સહિત ગુનાઓ નોંધાયા છે

1.સરફરાજ ઉર્ફે સજ્જન અહમદ શેખ (ઉં.વ.43) (રહે.,કોસાડ આવાસ, અમરોલી)ની અગાઉ કતારગામ, અડાજણ અને રાંદેર પોલીસ સ્ટેશનોમાં જુગારધારા, ઇ.પી.કો. તથા એન.ડી.પી.એસ.ના કેસોમાં ધરપકડ થઈ છે. 2.ઉબુલ્લાહ ઉર્ફે લામહુસેન શેખ (ઉં.વ.47) (રહે.,જમરૂખ ગલી, નાનપુરા) અગાઉ અઠવા અને રાંદેર સ્ટેશનમાં જુગારધારા, જી.પી.એક્ટ તથા એન.ડી.પી.એસ.ના કેસોમાં સંડોવાયો હતો. 3.ઇમરાન ફકરૂદ્દીન લતાન (ઉં.વ.46) (રહે.,જીમખાન નજીક, કતારગામ) અગાઉ ડી.સી.બી. તથા રાંદેર પોલીસ સ્ટેશનમાં હુમલા તથા નશીલા પદાર્થોના ગુનાઓમાં પકડાયો હતો.

### ડ્રગ્સનો વેપલો કપડાં નામના કોડ વર્ડથી ચાલતો હતો

પકડાયેલા ત્રણેય આરોપી ડ્રગ્સનો નશો કરવાની ટેવવાળા છે. સરફરાજ ડ્રગ્સનો જથ્થો મંગાવી અને છૂટક વેચાણ કરતો હતો અને ઇમરાન તેનો મિત્ર હોય તે પણ ક્યારેક પોતાના માટે તેમજ બીજા માટે નાનો જથ્થો ખરીદીને 500 રૂપિયા કમિશન લઇ વેચી દેતો હતો. કોઈ મોટો ગ્રાહક મળે તો તૈયાર સિરિંજ 20 હજારમાં પણ વેચાતાં હતાં. બુધવારે રાત્રે આરોપી ઉબેદુલ્લાહને પોતાના માટે ડ્રગ્સની જરૂર હોવાથી તેની સાથે અગાઉ જેલમાં મળેલો ઇમરાન તેને મળતાં તેની પાસેથી ડ્રગ્સ મંગાવવાનુ નક્કી કર્યું હતું. જેથી ત્રણેય જણા ભાગા તળાવ રોડ ઉપર ડ્રગ્સ આપ-લે કરવા આવ્યા ને ઝડપાયા હતા. ત્રણેય આરોપી અગાઉ ડ્રગ્સના કેસોમાં પકડાઇ ચૂક્યા છે અને હાલમાં જામીન ઉપર છે. આરોપીઓ ગ્રાહકો સાથે ડ્રગ્સના બદલે 'કપડાં'ના કોડ વર્ડમાં વાતચીત કરતા હતા.

સુરતઃ લાલગેટ પોલીસની એક ટીમે ગત તા.28મીએ મોડી રાત્રે પેટ્રોલિંગ દરમિયાન રાજ માર્ગ પરથી શંકા આધારે રૂ.20.70 લાખના 204.70 ગ્રામ એમડી ડ્રગ્સ સાથે 3 પેડલરને ઝડપી પાડ્યા હતા. આરોપી ડ્રગ્સની હેરાફેરી કરતા હતા અને પોલીસે દબોચી લીધા હતા. 3 આરોપી અગાઉ પણ ડ્રગ્સ કેસમાં ઝડપાયા છે. પોલીસે ડ્રગ્સનો જથ્થો આપનાર ઓલપાડના ઈરફાનને વોન્ટેડ જાહેર કર્યો છે.

લાલગેટ પોલીસ પાસે મળતી માહિતી મુજબ ગત તા.28મીની મોડી રાત્રે પોલીસની એક ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન તેઓ રાજ માર્ગ પરથી પસાર થતા હતા ત્યારે ટુ વ્હીલર લઈ ઊભેલા 3 ઈસમ પર શંકા ગઈ હતી. જેથી પોલીસે તેમને કોર્ડન કરી તેમની અટકાયત કરી હતી. જે બાદ તેમની તપાસ કરતાં તેમનાં ખીસ્સાં અને ટુ વ્હીલરમાંથી એમડી ડ્રગ્સ અને વેચાણ કરવાનાં સાધનો મળી આવ્યાં હતાં.

ત્રણેય આરોપી પાસેથી અલગ અલગ મળી કુલ 20.70 લાખનું 204.70 ગ્રામ એમડી ડ્રગ્સ મળી આવતાં પોલીસ ચોંકી ઊઠી હતી. પોલીસ 3 આરોપીને પોલીસ સ્ટેશન લઈ આવી તેમના વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી લીધી હતી. પકડાયેલા આરોપીઓ પૈકી સરફરાજ મુખ્ય આરોપી છે અને તેણે બે દિવસ પહેલાં ઈરફાન મકરાણી (રહે.,માંગરોળ) પાસેથી ડ્રગ્સનો જથ્થો મંગાવ્યો હતો. જેથી પોલીસે તેને આ ગુનામાં વોન્ટેડ જાહેર કર્યો છે. પોલીસે આરોપીઓ પાસેથી એમડી ડ્રગ્સ, રોકડ, સિરિંજ અને નાની સાઈઝની પ્લાસ્ટિકની બેગ મળી 22,10,600ની મતા કબજે લીધી હતી.

# દર્દીને આઈસીયુમાં દાખલ કરી તબીબ વિદેશ ચાલ્યા ગયા

**દર્દીના** મોત બાદ મેટાસના તબીબ પર બેદરકારીનો આક્ષેપ

**દર્દીના** સંબંધીઓના હોબાળા બાદ પોલીસ બોલાવવી પડી

### એડમિન અથવા બિલિંગ માટેના ઇસ્યૂ માટે આ હોબાળો કરવામાં આવ્યો: ડો. અમિત શાહ

મેટાસ હોસ્પિટલના આક્ષેપિત ડોક્ટર અમિત શાહે જણાવ્યું હતું કે, એડમિન અથવા બિલિંગ માટેના ઇસ્યૂ માટે આ હોબાળો કરવામાં આવ્યો છે. હું 24 એ ફેમિલી ઇમરજન્સી માટે વિદેશ ગયો હતો અને 3 દિવસમાં પરત આવી ગયો હતો. જ્યારે હું ગયો ત્યારે સરખી ડિગ્રી ધરાવતા એમડી મેડિસન ડોક્ટરને દર્દીને સોંપીને ગયો હતો. જ્યારે ગયો ત્યારે જ દર્દીના સગાને આ વાતની ખબર હતી. 5 દિવસ બાદ દર્દીનું મોત થયું છે. તો તેમના પરિવારજનોએ દર્દીને સેમ દિવસ જ અન્ય હોસ્પિટલમાં લઈ જવું જોઈએ ને, 5 દિવસ સુધી કેમ રાહ જોઈ. મેં 27 એ આવી ગયો હતો. તેના બે દિવસ બાદ દર્દીનું મોત થયું છે.

સુરતઃ શહેરની જાણીતી મેટાસ હોસ્પિટલ ફરી એકવાર વિવાદમાં આવી છે. અહીં દાખલ 45 વર્ષીય મહિલાના મોત બાદ તેમના પરિવારજનોએ ડૉક્ટર પર બેદરકારીના કારણે મોત થયાનો ગંભીર આક્ષેપ કર્યો હતા. મામલો ગરમાતા સ્થાનિક પોલીસને બોલાવવાનો વારો આવ્યો હતો. ત્યારબાદ મૃતક મહિલાના મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની મહેન્દ્રભાઈ ગુપ્તા હાલ પાંડેસરા બમરોલી ચોકડી પાસે આવેલ તૃપ્તિ નગરમાં પત્ની રેખાબેન (45 વર્ષ) તેમજ 3 સંતાન સાથે રહે છે. મહેન્દ્રભાઈ LIC ના વ્યવસાય સાથે જોડાયેલા છે. રેખાબેનને 10 મીએ ઝાડા થવા લાગ્યા હતા. જેથી પરિવારજનો તેને ઘર પાસેથી દવા લાવીને આપી હતી. ત્યારબાદ બે દિવસ બાદ રેખાબેનને ઝાડા સાથે બ્લડ આવતા તેમને સારવાર માટે અઠવાલાઈન્સ વિસ્તારમાં આવેલ મેટાસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. છેલ્લા 17 દિવસથી મેટાસ હોસ્પિટલમાં સારવાર લઈ રહી હતી. તેમાંથી 10 દિવસ સુધી તેમને આઈ.સી.યુ.માં રાખવામાં આવ્યા હતા. દરમિયાન શ્વાસ લેવામાં તકલીફ વધતા બુધવારે સવારે તેમનું મોત નીપજ્યું હતું.

રેખાબેનના સૌથી નાના પુત્ર શૈલેષે આક્ષેપ કર્યો છે કે, રેખાબેનને ડૉ. અમિત શાહના રેફરન્સથી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. પરંતુ સારવાર દરમિયાન ડૉ. શાહ વિદેશ પ્રવાસે નીકળી ગયા હતા, અને દર્દી વિશે હોસ્પિટલ સ્ટાફ કે અન્ય કોઈને યોગ્ય રીતે જાણ પણ કરી નહોતી. જો ડૉક્ટર વિદેશ જવાના હતા તો તેમણે દર્દીને દાખલ જ કેમ કર્યા? તેમની ગેરહાજરીમાં સારવારમાં બેદરકારી રાખવામાં આવી હતી.

વધુમાં જણાવ્યું કે, ત્રણ દિવસ સુધી ડૉક્ટર અંગે કોઈ માહિતી મળી નહોતી. આસિસ્ટન્ટો કે હોસ્પિટલ સ્ટાફ દ્વારા રેખાબેનની તબિયત અંગે યોગ્ય માહિતી આપવામાં આવતી નહોતી, જેના કારણે તેમની સ્થિતિ સતત ખરાબ થતી ગઈ. ફેફસામાં પાણી ભરાવું અને સોજા આવવા જેવી પરિસ્થિતિ બાદ આખરે તેમનું મોત થયું. પરિવારજનોએ દાવો કર્યો કે પાંચ દિવસ સુધી યોગ્ય સારવાર ન મળતાં 70-80 હજારની દવાઓ અને 11,000થી વધુના ઈન્જેક્શન લગાવવામાં આવ્યા. છતાં પણ હોસ્પિટલે અંતે ઈન્ફેક્શન લાગવાથી મોત થયું એવું કહીને હાથ ઉંચા કરી દીધા.

આ આરોપો બાદ મૃતકના પરિવારજનો અને હોસ્પિટલ સ્ટાફ વચ્ચે ઘર્ષણ સર્જાયું, જેના પગલે ઉમરા પોલીસને બોલાવવી પડી. પોલીસે ઘટના સ્થળે પહોંચી વચ્ચે પડી અને પરિસ્થિતિ કાબૂમાં લીધી. ત્યારબાદ એડમિન સ્ટાફ તથા કેટલાક કર્મચારીઓને પૂછપરછ માટે પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. તેમજ રેખાબેનના મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ગુરુવારે સવારે તેમનું પોસ્ટમોર્ટમ થશે. હાલ પોલીસે અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### સુરતીઓ માટે ખુશ ખબર, સુરતના ડુમસ સી-ફેઝ પ્રોજેક્ટનું 70 ટકા કામ પૂર્ણ



સુરતમાં હરવા-ફરવાના ફેવરિટ પર્યટન સ્થળ તરીકે જાણીતા ડુમસ દરિયાકિનારેના સી-ફેઝનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. સી-ફેઝ પ્રોજેક્ટનું કામ 70 ટકા થઈ ગયું છે. આગામી દિવસોમાં આ સી-ફેઝ પ્રોજેક્ટ પુર્ણ થતાં સુરતીઓને ફરવાની મોજ પડી જશે. (તસવીરઃ હેમંત ડેરે)

## ઉધના રોડ નં- 3 ઉપર કદાવર વૃક્ષ ધરાશાયી

સુરતઃ છેલ્લા ત્રણ દિવસથી વરસેલાં કમોસમી માવઠાંને કારણે શહેરમાં વૃક્ષો ધરાશાયી થયાના બનાવો બન્યા હતા. આજે બપોરે ઉધના વિસ્તારમાં એક કદાવર વૃક્ષ પાર્ક કરેલા થ્રીવ્હીલ ટેમ્પો ઉપર પડતા ટેમ્પો જમીનથી હવામાં 2થી 3 ફૂટ જેટલો અધ્ધર થઈ ગયો હતો. સાથે સાથ ઘટના સ્થળ ઉપર પણ ભાગદોડ મચી ગઈ હતી. બાદમાં બનાવની જાણ ફાયર કંટ્રોલને કરાતા ઉધનાં ફાયર બ્રિગેડની ટીમે વૃક્ષને હટાવવાની કામગીરી શરૂ કરી દીધી હતી. પ્રાપ્ત જાણકારી મુજબ ઉધના રોડ નં-3 ઉપર આજે સાંજે એક કદાવર વૃક્ષ ધરાશાયી થયું હતું, તેને કારણે તેની નીચે પાર્ક કરેલો ટેમ્પો દબાઈ ગયો હતો.

## 9 માસમાં એરપોર્ટ પર યાત્રીની સંખ્યા 13.29 લાખને પાર

સુરતઃ વર્ષ 2025 માં સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર 17 લાખથી વધુ પેસેન્જર નોંધાઈ એ પ્રકારનો પેસેન્જર લોડ જોવા મળી રહ્યો છે. જાન્યુઆરીથી સપ્ટેમ્બર 2025 સુધીના 9 મહિનામાં જ સુરત એરપોર્ટ પર કુલ પેસેન્જર સંખ્યા 13.29 લાખને પાર પહોંચી છે. માત્ર 9 મહિનામાં 11.82 લાખ ડોમેસ્ટિક અને 1.46 લાખથી વધુ ઈન્ટરનેશનલ પેસેન્જર નોંધાયા છે. જે અત્યાર સુધીના વર્ષનો સર્વાધિક આંકડા છે. સપ્ટેમ્બર 2025માં સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર 1,19,185 ડોમેસ્ટિક અને 15,676 ઈન્ટરનેશનલ પેસેન્જર મળી કુલ 1,34,861 નોંધાયા છે. જાન્યુઆરીથી સપ્ટેમ્બર દરમિયાન કુલ 13,29, 360 પેસેન્જરની અવર જવર રહી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સુરતના બાબુ જીરાવાળાએ પોતાના ગામના ખેડૂતોનું 90 લાખનું દેવું ચૂકવી દીધું



સુરતઃ સાવરકુંડલા તાલુકાના જીરા ગામના મૂળ નિવાસી અને હાલમાં સુરતના ઉદ્યોગપતિ અને મનપાની ટીપી કમિટીના માજી ચેરમેન બાબુભાઈ ચોડવડિયા (જીરાવાલા)એ પોતાના માતૃશ્રીની પુણ્યતિથિ નિમિત્તે ગામના તમામ ખેડૂતોનું જીરા ગામની સેવા મંડળીનું આશરે રૂા. 90 લાખ જેટલું દેવું ચૂકવીને સેવાનો અનોખો ઉપક્રમ હાથ ધર્યો હતો. જીરા ગામની સેવા સહકારી મંડળી 102 વર્ષ પહેલાં સ્થાપિત થઈ હતી. આ મંડળીમાં 1990ના દાયકામાં થયેલા કૌભાંડને કારણે અનેક ખેડૂતોના નામે ખોટી લોન લેવામાં આવી હતી, જેના કારણે ખેડૂતો વર્ષોથી દેવાના બોજા હેઠળ પીડાતા હતા. મામલો કોર્ટમાં પેન્ડિંગ રહ્યો હતો અને ગામના ઘણા પરિવારો આ નાણાકીય તકલીફમાં સંઘર્ષ કરી રહ્યા હતા. લાભપાંચમના શુભ દિવસે યોજાયેલી બેઠકમાં બાબુભાઈની ઉપસ્થિતિમાં ખેડૂતોને પ્રમાણપત્રો વિતરણ કરાયા હતા. બાબુભાઈએ જણાવ્યું હતું કે, 'મારા માતૃશ્રીની પુણ્યતિથિ પર એમની યાદમાં જો વતનના ખેડૂતોને રાહત મળે તો એ જ મારી માટે સાચી શ્રદ્ધાંજલિ છે.'

### શારદાયતન સ્કૂલની નિત્યા કૌશલ સરંગે તરણ સ્પર્ધામાં ગોલ્ડ અને સિલ્વર મેડલ મેળવ્યો



સુરતઃ રાજકોટ ખાતે તા. 28 થી 29 ઓક્ટોબર 2025 દરમિયાન SGFI સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા યોજાયેલી સ્કૂલ ગેમ્સ તરણ સ્પર્ધામાં શારદાયતન સ્કૂલની ધોરણ 7 ની વિદ્યાર્થિની નિત્યા કૌશલ સરંગે ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. નિત્યાએ 50 મી., 100 મી. અને 200 મી. ફ્રી સ્ટાઈલ સ્પર્ધામાં ત્રણ સુવર્ણ તથા 4×100 મી. મેડલી રિલે અને 4×100 મી. ફ્રી સ્ટાઈલ રિલેમાં બે રજત મેડલ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

### સુરત પીપલ્સ કો-ઓપ. બેંક દ્વારા સભાસદોના તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું




સુરત : ગુજરાતની ત્રીજા નંબરની અને દક્ષિણ ગુજરાતની સૌથી મોટી મલ્ટી સ્ટેટ શિડયુલ્ડ સહકારી બેન્ક ધી સુરત પીપલ્સ કો.ઓ બેન્ક લિ. દ્વારા બેન્કના સભાસદો / કર્મચારીઓના તેજસ્વી તારલાઓને સન્માનવા અને પ્રશસ્તિપત્ર તથા રોકડ પુરસ્કાર વિતરણ કરવા અંગેનો સન્માન સમારંભ સમૃદ્ધિ હોલ, નાનપુરા મુકામે તા. ૦૪/૧૦/૨૦૨૫ ના રોજ યોજાયો હતો. જેમાં વનિતા વિશ્રામ વિમેન્સ યુનિવર્સિટી પ્રોવોસ્ટ ડો. દક્ષેશ ઠાકર અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા. ડો. દક્ષેશ ઠાકરે વિદ્યાર્થીઓની સિદ્ધીને બિરદાવી હતી. બેન્કના પ્રમુખ અમિતભાઈ ગજ્જરે પણ વિદ્યાર્થીઓની સિદ્ધીને બિરદાવી હતી. મેનેજિંગ ડિરેક્ટર કલ્પેશભાઈ શાહે તેજસ્વી તારલાઓને અભિનંદન આપ્યા હતા. કુલ ૨૦૪ તેજસ્વી તારલાઓને કુલ રૂપિયા ૫.૧૫ લાખના રોકડ ઈનામ તથા પ્રશસ્તિપત્ર વિતરણ કરાયા હતા. સમારંભમાં બેન્કનાં ઉપપ્રમુખ શ્રીમતી જસ્મિન મેહતા તથા અન્ય ડિરેક્ટર કેતનભાઇ મોદી, મહેકભાઈ ગાંધી, નિમિષભાઈ ગજ્જર, શ્રીમતી અન્યુતાબેન મોદી, આશીષભાઇ તમાકુવાલા, યતિશભાઈ પારેખ, રોહિતભાઈ મહેતા ડિરેક્ટર તથા સમીર બોડાવાલા ડિરેક્ટર હાજર રહ્યા હતા. આભાર વિધી ઉપપ્રમુખ શ્રીમતી જસ્મિન મેહતાએ કરી હતી.

### પહેલીવાર સોશિયલ મીડિયા આરોપીને પકડવામાં ઉપયોગી બન્યું

# ચીટરોને પકડવા પોલીસે મહિલાના નામે ID બનાવી

**મિત્રના** નામે લોન પર ફોર્ચ્યુનર લઇ બારોબાર વેચી નાંખનાર બે ઝડપાયા

**આરોપીઓ** ખોટી એનઓસી અને ટી. ટી. ઓ. ફોર્મ પર ફરિયાદી સહી કરાવી ગાડી હરિયાણામાં વેચી મારી

### પોલીસે સોશિયલ મીડિયા પર ફ્રેન્ડિશપ કરી આરોપીને પકડ્યા

સરથાણા પોલીસે સોશિયલ મીડિયા પર પૂજા પટેલના નામે ફેક આઇડી બનાવી આરોપીને ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી આપી હતી. આરોપી ફ્રેન્ડ રિક્વેસ્ટ સ્વીકારતા તેમની સાથે મિત્રતા કેળવી હતી. જેનાથી છટકું ગોઠવી તેમને મળવા બોલાવી બંને આરોપીઓને પકડી પાડ્યા હતા.

સુરતઃ લિંબાયતમાં રહેતા યુવકના નામે મિત્રએ 30 લાખની લોન લઈને ચાર હપ્તા ભર્યા બાદ બે મિત્રો ગાડી લઈને ફરાર થઈ જતાં મામલો પોલીસમાં પહોંચતા પોલીસે કાર્યવાહી હાથધરી હતી. પોલીસે સોશિયલ મીડિયા પર મહિલા આઈડી બનાવી છટકું ગોઠવી બંને ઠગ મિત્રોને ઝડપી પાડ્યા હતા.

લિંબાયતમાં શ્રીનાથ સોસાયટીમાં રહેતો મુકેશ નામદેવભાઈ જાદવ નામના ડ્રાઈવર પાસે મિત્રતાના નામે ફોર્ચ્યુનર કાર પર 37 લાખની લોન લઈ તેના હપ્તા ભરવાનું આરોપીઓએ કહ્યું હતું.

જોકે, ચાર હપ્તા ભર્યા બાદ બીજા હપ્તા ભર્યા ન હતા. બેંક વાળા ઘરે ઉઘરાણી કરવા આવતા મુકેશે બંને મિત્રોનો સંપર્ક કર્યો હતો પરંતુ ગીરીશ અને ઘનશ્યામનો મોબાઈલ સ્વીચઓફ આવતો હોય સંપર્ક થઈ શક્યો ન હતો.આ મામલે તેણે સરથાણા પોલીસમાં ફરિયાદ કરાતા ગત 19 જૂનના પોલીસે ગીરીશ અને ઘનશ્યામની સામે ઠગાઈનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. પોલીસે ભરી જહેમદ બાદ ચાર મહિને આરોપી ગીરીશભાઈ મધુભાઈ હિદડ (ઉ.વ.40,રહે. દર્શન સોસાયટી, ઉદ્યોગનગરની પાછળ,કામરેજ) અને કુલદીપ રમેશભાઈ સોલંકી (ઉ.વ.30, રહે.પવન પુત્ર રેસીડેન્સી, હરિદર્શનના ખાડા પાસે, સિંગણપુર)ને પકડી પાડ્યા છે.

# 20 શાળાની ભૂલના કારણે રત્નકલાકાર સહાય પરત ગઈ

**શાળાઓએ** બેંક એકાઉન્ટ ખોટાં આપ્યાં, બે દિવસમાં સાચી વિગત આપવા ડીઈઓનો આદેશ

**સુરત** જિલ્લાની ૯૫૨ શાળાઓમાં ૫૦,૨૪૪ વિદ્યાર્થીઓને સહાય ચૂકવાઇ

સુરતઃ રત્નકલાકાર સહાય યોજનામાં 952 શાળામાં 50,244 વિદ્યાર્થીઓને સહાય ચૂકવવાનું નક્કી થયું હતું. પરંતુ 20 જેટલી શાળાએ બેંકની વિગત આપવામાં ભૂલ કરતાં આ બાળકોને સહાય મળી શકી નથી. જિલ્લા શિક્ષણાધિકારીએ આ સ્કૂલોને બે દિવસમાં સાચી બેંક વિગતો આપવા માટે સૂચના આપી છે.

હીરાબજારની કારમી મંદીને કારણે રોજગારી ગુમાવેલા હજારો રત્નકલાકારોના પરિવારો માટે રાજ્ય સરકારે આશાનો કિરણ બની શિક્ષણ ફી સહાયની યોજના જાહેર કરી હતી. બેકાર રત્નકલાકારોના સંતાનો શિક્ષણથી વંચિત ન રહે તે હેતુસર રાજ્ય સરકારે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે દરેક વિદ્યાર્થીને રૂ.૧૩,૫૦૦ સુધીની સ્કૂલ ફી સહાય ચૂકવવાનું નક્કી કર્યું હતું. આ યોજના અંતર્ગત સુરત જિલ્લામાં કુલ ૭૪,૨૬૮ અરજીઓ પ્રાપ્ત થઈ હતી. તે પૈકી ચકાસણી બાદ ૪૭,૫૯૯ અરજીઓ પ્રમાણિત કરવામાં આવી હતી, જેના આધારે ૫૦,૨૪૪ વિદ્યાર્થીઓને ફી સહાય ચૂકવવાનો નિર્ણય લેવાયો હતો. દિવાળી પહેલાં સરકાર તરફથી સુરત જિલ્લાના ૯૫૨ શાળાઓને સહાય રકમ જમા કરવામાં આવી હતી. પરંતુ હવે જાણવા મળ્યું છે કે તે પૈકી લગભગ ૨૦ શાળાઓના બેંક એકાઉન્ટમાં તકનિકી ખામી અથવા ખોટા એકાઉન્ટ નંબર હોવાને કારણે સહાય રકમ પરત થઈ ગઈ છે. પરિણામે આ શાળાઓના વિદ્યાર્થીઓને સહાય હજી સુધી મળી શકી નથી. આ પરિસ્થિતિ સામે જિલ્લા શિક્ષણાધિકારીએ તાત્કાલિક પગલા ભર્યા છે. સંબંધિત શાળાઓને બે દિવસની અંદર બેંકની સાચી વિગતો મોકલવા સૂચના આપવામાં આવી છે જેથી સહાય રકમ ફરીથી જમા કરી શકાય. જિલ્લા શિક્ષણાધિકારી ડો.ભગીરથસિંહ પરમારએ સ્પષ્ટ કહ્યું કે, સરકારનો હેતુ એ છે કે કોઈપણ રત્નકલાકારનો સંતાન શિક્ષણથી વંચિત ન રહે. માત્ર તકનિકી ખામીથી બાળકોને નુકસાન ન થાય તે માટે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હીરા ઉદ્યોગમાં આવેલી આર્થિક મંદીના કારણે સરકારે એક સમિતિની રચના કરી હતી અને જેના આધાર પુરાવાના મેળવી રત્નકલાકારોના બાળકોની ફી સહાય કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જો કે હવે આ 20 શાળાઓની ભૂલનો ભોગ વિદ્યાર્થીઓ બનશે તે નક્કી છે. રત્નકલાકારો પર આ પડતાં પર પાટું છે.

# સુરત શહેર બન્યું 'જલામય'

**શહેરભરના** મંદિરોમાં 226મી જલારામ જયંતીની ધામધૂમપૂર્વક ઉજવણી

**ભંડારા,** મહાપ્રસાદ સહિત ધાર્મિક કાર્યક્રમો યોજાયા

**સવારથી** જ જલારામ મંદિરોમાં દર્શન કરવા ભક્તો ઊમટી પડ્યા





સુરતઃ જન સેવા એ જ પ્રભુ સેવાનો આપ્યો મંત્ર આપનારા સંત શિરોમણી જલારામ બાપાની આજે 226મી જન્મજયંતી ખૂબ જ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવી હતી. શહેરમાં આવેલા દરેક જલારામ મંદિરોમાં વહેલી સવારથી જ ભક્તો બાપાનાં દર્શન કરવા માટે લાંબી લાંબી કતારોમાં ઊભા રહી દર્શનનો લહાવો લેતાં નજરે ચઢ્યા હતા. આ અવસરે દરેક મંદિરોમાં બાપાનાં દરબારને ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. સાથે સાથે મંદિરોનાં ટ્રસ્ટીઓ અને સેવાભાવી લોકો તરફથી દર્શનાર્થે આવનાર ભક્તો માટે વિશાળ ભંડારાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું

### બાલાજી રોડ ખાતે જલારામ મંદિરમાં છેલ્લાં 50 વર્ષોથી ભંડારાનું આયોજન કરાય છે

શહેરનાં ભાગળ બાલાજી રોડ ખાતે આવેલાં શ્રી જલારામ સેવા મંડળ સંચાલિત જલારામ મંદિરમાં આયોજિત ભવ્ય અન્નકૂટ દર્શન અને જાહેર ભંડારામાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. શ્રી જલારામ સેવા મંડળ ટ્રસ્ટના બકુલભાઈ ઠક્કર અને હિતેશભાઈ વડેરાએ જણાવ્યું હતું કે, છેલ્લા 50 વર્ષોથી બાપાના આશીર્વાદથી મંદિર પરિસરમાં ભવ્ય અન્નકૂટ અને જાહેર ભંડારાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વર્ષે પણ વહેલી સવારથી હજારોની સંખ્યામાં દર્શનાર્થીઓ આવ્યા હતા અને ભંડારાના પ્રસાદનો આનંદ માણ્યો હતો.

# 29 લાખના નકલી મનાતા તમાકુ- મસાલા ઝડપાયા

**વરાછામાં** બે ત્રણ દિવસ પહેલા મુંબઈથી જથ્થો આવ્યો હોવાની શંકા

સુરતઃ વરાછાના નેહરુનગર ઝૂંપડપટ્ટી વિસ્તારમાં આઈકોન પ્લાઝાની બાજુની ગલીમાં એસઓજી પોલીસે દરોડા પાડી 29,67,090ની કિંમતનો નકલી લાગતો તમાકુ- પાન મસાલાનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

SOGને ગુપ્ત બાતમી મળી હતી કે, શહેરના ગલ્લાઓ અને બહારના વિસ્તારોમાં છૂપી રીતે હલકી ગુણવત્તાવાળો અને નકલી તમાકુનો જથ્થો વેચાઈ રહ્યો છે. જેના આધારે એક અવાવરું ગલીમાં દરોડો પાડ્યા હતા. અહીં જાહેરમાં બ્રાન્ડેડ નામોવાળા તમાકુ અને પાન-મસાલાના પેકેટોનો વિશાળ પહાડ જોઈને તેઓ પણ ચોંકી ઉઠ્યા હતા. આ જથ્થો કોઈ મોટી ફેક્ટરીમાંથી નહીં પણ એક સાંકડી ઝૂંપડપટ્ટીની ગલીમાંથી પકડાયો હતો 'મારુતિ ગોલ્ડ' અને 'એમજીટી'ના નામે લાખોનો માલ માત્ર કિંમતમાં જ નહીં, પણ જથ્થામાં પણ ચોંકાવનારો હતો.

પોલીસે ત્યાંથી 29,67,090ની કિંમતનો શંકાસ્પદ માલ જપ્ત કર્યો છે. પોલીસને પ્રાથમિક તપાસ દરમિયાન આ જથ્થો બે દિવસ પહેલા મુંબઈથી આવ્યો હોઈ અને રેલવેમાં અને શ્રમિક રહેણાંકના વિસ્તારોના ગલ્લાઓ પર વેચાણ માટે મંગાવ્યો હોવાનું જાણવા મળ્યું છે. 20 લાખનો મારુતિ ગોલ્ડ નામનો જથ્થો યુપીની ફેક્ટરીમાં તૈયાર થયો હોવાની માહિતી મળી છે. પોલીસે હાલ 41 ડી હેઠળ કાર્યવાહી કરી જથ્થો નકલી છે કે નહીં અને કોનો છે, તે દિશામાં તપાસ શરૂ કરી છે. પોલીસે ગુનો નોંધ્યો નથી એનો અર્થ એ પણ છે કે તેની માલિકીના પુરાવા કોઈએ રજૂ કર્યા નથી.